# બીજી લહેર જેવી સ્થિતિ ન સર્જાય તે માટે સરકાર લઈ રહી છે આગોતરાં પગલાં

## વિવિધ શહેરોમાં હૉસ્પિટલ-બેડ તૈયાર

(અમારા પ્રતિનિધિ તરફથી)

અમદાવાદઃ ગુજરાતમાં કોરોના વાઇરસના નવા વેરિયન્ટ ઓમાઈક્રોનનો પ્રથમ કેસ જામનગરમાં નોંધાયો છે. ત્યારે ગુજરાત સરકાર દ્વારા ચાર મોટા શહેરોમાં ઓમાઈક્રોનના ખતરાથી લડવા માટે સંભવિત કેટલી તૈયારી કરવામાં આવી છે.

સૂત્રોના જણાવ્યા મુજબ અગાઉ બીજી લહેરમાં સર્જાયેલી ગંભીર પરિસ્થિતિમાંથી બોધપાઠ લઈ રાજ્યના અમદાવાદ, રાજકોટ, વડોદરા અને સુરત સહિત ચાર મોટાં શહેરોમાં ઓમાઈક્રોનના સંભવિત ખતરાને ધ્યાનમાં રાખીને આગોતરી તૈયારીઓ કરવામાં આવી છે. જેમાં અમદાવાદમાં સિવિલ હોસ્પિટલની ૧૨૦૦ બેડ હોસ્પિટલમાં ઓમાઈક્રોન પોઝિટિવ દર્દી માટે ૨૪ બેડનો અલગથી ઓમાઈક્રોન વોર્ડ ઊભું કરવામાં આવ્યો છે.

હોસ્પિટલમાં ઓક્સિજન, મોનિટર, વેન્ટિલેટર અને જરૂરી દવાનો પૂરતો જથ્થો ઉપલબ્ધ કરાવાયો છે.

સોમવારે આરોગ્ય કમિશનર જયપ્રકાશ શિવહર દ્વારા વ્યવસ્થાની સમીક્ષા કરવામાં આવી હતી. જ્યારે વડોદરામાં એસએસજી અને ગોત્રી હોસ્પિટલમાં પ્રાથમિક ૧૦-૨૦ બેડ તૈયાર રાખવામાં આવી છે અને જો કેસો વધે તો આ બંને હોસ્પિટલોમાં ૨૪ કલાકમાં જ ૧૦૦૦ બેડ ઊભા કરી શકાય તેવી તૈયારી પણ કરી રાખી છે.

તેમજ સુરતની સિવિલ હોસ્પિટલ ખાતે સ્ટેમસેલ બિલ્ડિંગમાં કાર્યરત કોવિડ હોસ્પિટલમાં બે માળ દર્દીઓ માટે સ્ટેન્ડબાય કરી દેવામાં આવ્યા છે. જેમાં ત્રીજા માળે ૮૭ બેડ અને દસમા માળે ૧૦૦ બેડ મળી કુલ ૧૮૭ બેડની વ્યવસ્થા કરવામાં આવી છે. અને રાજકોટમાં કોવિડ હોસ્પિટલમાં પહેલા માળે અલગ ૧૦૦ બેડનો ઓમાઈક્રોન આઈસોલેશન વોર્ડ ઊભું કરવામાં આવ્યો છે. ■

# કોરોના મૃત્યુઃ સરકારના દસ હજારના આંકડાના દાવા સામે વળતર માટે ત્રણગણી અરજી

(અમારા પ્રતિનિધિ તરફથી)

અમદાવાદઃ કોરોના દરમિયાન થયેલા મૃત્યુ અંગે રાજ્ય સરકાર હંમેશાં વિવાદમાં રહી છે, પરંતુ તત્કાલીન રૂપાણી સરકારે પારદર્શકતાનો એકડો ઘૂટ્યા કર્યો હતો, પરંતુ હવે સરકારના જ બે અલગ અલગ વિભાગના આંકડામાં ક્યાંક મોટો ગૂંચવાડો થયો હોવાનો કે ખરો મૃત્યાંક છુપાવ્યો હોવાની ચાળી ખાઈ રહ્યા છે.

ગુજરાત સરકારે અત્યાર સુધી કોરોનાની મહામારીથી થયેલા મૃત્યુનો આંકડો ૧૦,૫૯૫ આપ્યો હતો, જ્યારે અત્યાર સુધીમાં કોરોનાથી થયેલા મૃત્યુ બદલ વળતર માગનારાઓની સંખ્યા સરકારી ચોપડે ૩૧,૫૭૫ નોંધાઈ છે. હજુ કલેક્ટર ઑફિસ બહાર લાંબી કતારો લગાવી લોકો ઊભા છે ત્યારે આંકડો ઘણો વધવાની સંભાવના છે. સુપ્રીમ કોર્ટની ઝાટકણી બાદ ગુજરાત સરકારે કોરોના મૃતકના સ્વજનને રૂ. ૫૦,૦૦૦નું વળતર આપવાની જાહેરાત કરી હતી. એક અઠવાડિયામાં જ ૩૧,૦૦૦ કરતા વધારે અરજી આવી ગઈ છે અને તેમાંથી ૬,૭૭૯ને વળતર પેટે રૂ. ૩૧.૬૯ કરોડ ચૂકવાઈ ગયા છે.

સરકારે જાહેરાત કર્યાના બીજા દિવસથી જ સ્વજનોની લાંબી કતારો લાગી છે. અમદાવાદમાં ૪,૫૦૧, સુરતમાં ૪,૨૪૧, ગાંધીનગર ૩૨૫૫, વડોદરામાં ૨૩૦૫, રાજકોટમાં ૨૮૮૯ ગીર-સોમનાથમાં ૯૩૯ અરજી આવી હોવાનું જાણવા મળ્યું હતું.

વિરોધપક્ષ દ્વારા અમુક અરજીઓને વિના કારણે રદ કરવાનો પણ આક્ષેપ થઈ રહ્યો છે, જ્યારે અધિકારીઓનું કહેવાનું છે કે કોઈ ખોટી માહિતી આપી વળતર ન લે તે માટે ફોર્મ ચોક્કસાઈથી તપાસવામાં આવી રહ્યું છે. ■

# સુરતમાં પાંડેસરાની બાળકી પર દુષ્કર્મ આચરનારને માત્ર ૨૯ દિવસમાં ફાંસીની સજા

(અમારા પ્રતિનિધિ તરફથી)

સુરતઃ ગુજરાતના ઈતિહાસનો સૌથી ઝડપી ચુકાદો આપવામાં આવ્યો હતો. સુરત શહેરના પાંડેસરાની અઢી વર્ષની બાળકી પર પોર્ન વીડિયો જોઈ દુષ્કર્મ આચરનારને માત્ર ૨૯ દિવસમાં જ ફાંસીની સજા ફટકારવામાં આવી હતી.

કોર્ટે માત્ર ૨૯ દિવસમાં ફાંસીની સજા ફટકારતા દુષ્કર્મ કરવાના કેસમાં ઈતિહાસમાં ક્યારેય આટલો ઝડપી ચુકાદો આવ્યો નથી. આ પહેલા પોલીસે આરોપીની ધરપકડ કરી આઠ દિવસમાં ચાર્જશીટ રજૂ કરી હતી. જેમાં સાત દિવસમાં ટ્રાયલ પૂર્ણ કરી હતી. સોમવારે કોર્ટે આરોપીને દોષિત હોવાનો ચુકાદો આપ્યો હતો. અને મંગળવારે કોર્ટે ચુકાદો આપતાં ફાંસીની સજા જાહેર કરી હતી. સાથે જ બાળકીના પરિવારને ૨૦ લાખનું વળતર ચૂકવવા હુકમ કરવામાં આવ્યો છે. ભોગ બનનાર અઢી વર્ષની બાળકીની માતાએ ચુકાદાને આવકાર્યો હતો. કોર્ટ પરિસરમાં બાળકીની માતા રડી પડી હતી. ■

# મોબાઈલમાં પોર્નોગ્રાફી ડાઉનલોડ કરી આપતી દુકાનો પર ગૃહ વિભાગ રાખશે નજરઃ હર્ષ સંઘવી

સુરતઃ પોર્ન વીડિયો જોઈ બાદ બાળકી સાથે દુષ્કર્મ કર્યાના ઘણા કેસ બને છે ત્યારે ગૃહરાજ્ય પ્રધાન હર્ષ સંઘવીએ પત્રકારો સાથે વાત કરતા જણાવ્યું હતું કે સરકાર આવા કિસ્સાઓ ન બને તે માટે વિવિધ ઉપાયો અમલમાં મૂકશે. વિવિધ શહેરોમાં મોબાઇલની દુકાનો ઉપર મોબાઇલમાં પોર્નોગ્રાફી ડાઉનલોડ કરી આપવામાં આવતી હોય છે. તેવી દુકાનો ઉપર પોલીસ ચાંપતી નજર રાખી અસરકારક કામગીરી કરશે. સાથે સાથે જનજાગૃતિ માટે હોર્ડિંગ્સ દ્વારા આવા કેસોમાં થયેલ સજા સંદર્ભે પણ પ્રચાર-પ્રસાર કરાશે જેનાથી આવાં કૃત્યો કરનારા પણ ચેતી જશે.

વડોદરા ગેંગરેપ કેસ સંદર્ભે પુછાયેલા પ્રશ્નના પ્રત્યુત્તરમાં સંઘવીએ કહ્યું કે ગેંગરેપ કે રેપ જેવા બનાવો સામે રાજય સરકાર કડકમાં કડક હાથે કામગીરી કરી રહી છે અને કરશે જ આવાં તત્ત્વોને સાખી લેશું નહીં. વડોદરા કેસની તપાસ માટે પણ ગુજરાત પોલીસના ચુંનદા અધિકારીઓની ટીમ બનાવી એસઆઈટીની રચના કરવામાં આવી છે. આ ટીમ દ્વારા વિવિધ સ્થળો સહિત સીસીટીવીના ફુટેજ તેમજ અન્ય પુરાવાઓની તપાસ હાલ ચાલી રહી છે અને ટૂંક સમયમાં જ આ કેસનો ઉકેલ આવી જશે એવો અમને વિશ્વાસ છે. અને ગુનેગારોને આપણે કડકમાં કડક સજા અપાવી શકીશું તેમ તેમણે ઉમેર્યુ હતું.

સુરતના ચુકાદા બાદ સંઘવીએ જણાવ્યું હતું કે ગણતરીના દિવસોમાં જ બાળકીને ન્યાય અપાવવામાં સફળતા મળી છે. પોલીસ વિભાગે ખૂબ સરાહનીય કામગીરી કરીને માત્ર ગણતરીના સાત દિવસમાં જ ચાર્જશીટ રજૂ કરી હતી. ગુજરાતમાં હવે ન્યાય માટે લાંબો સમય રાહ ન જોવી પડે તેવી સ્થિતિનું નિર્માણ કર્યુ છે.

દુષ્કર્મ અને હત્યા કેસ ગુજરાત પોલીસ તેમજ તેની સાથે સંકળાયેલ એજન્સીઓ મેડિકલ ટીમ અને એફ.એસ.એલ.ની ટીમ દ્વારા સરાહનીય કામગીરી કરવામાં આવી છે. આવાં જધન્ય ગુનાઓમાં ન્યાયતંત્ર દ્વારા પણ ખૂબ ત્વરીત ન્યાય આપીને ભારતના ન્યાયતંત્રમાં ખૂબ સારું ઉદાહરણ પુક્વૉરન્ટાઈન પાડયું છે. ચોથી નવેમ્બરના રોજ અજાણ્યા વ્યક્તિ દ્વારા અઢી વર્ષની બાળકીનું અપહરણ થયાની ફરિયાદ નોંધાઇ હતી. બાળકી ગુમ થયાની ગંભીરતાને ધ્યાને લઇને સ્થાનિક પોલીસ દ્વારા પોલીસ સ્ટેશનેથી મદદ મેળવી ૨૦૦ થી ૨૫૦ જેટલા પોલીસ અધિકારી કર્મચારીઓની ટીમ બનાવીને તપાસની કામગીરી હાથ ધરવામાં આવી હતી. ગુનાની તપાસ દરમિયાન ગુનાવાળી જગ્યાની નજીકના સી.સી.ટી.વી. કેમેરાના આધારે પોલીસ ટીમ દ્વારા આ કેસના આરોપી ગુરુકુમાર મધેશ યાદવની ધરપકડ કરી ૩ ત્રણ દિવસની કસ્ટડી રીમાન્ડ મેળવ્યા હતા. ■

# લંડનથી આવેલો વાસણાનો યુવક ક્વૉરન્ટાઈનઃ રુલનો ભંગ કરતાં બીજી વાર પકડાયો

(અમારા પ્રતિનિધિ તરફથી)

અમદાવાદઃ શહેરમાં લંડનથી આવેલ મુસાફરે આઇસોલેશન નિયમ ભંગ કર્યો હતો. શહેરમાં વિદેશથી આવેલો એક યુવક વાસણામાં હોમ ક્વોરન્ટાઇન થવાને બદલે બહાર ફરતો દેખાતા કાયદેસરના પગલાં લેવા કાર્યવાહી શરૂ કરવામાં આવી હતી.

સૂત્રોના જણાવ્યા મુજબ અમદાવાદ શહેરના વાસણા વિસ્તારમાં આવેલી સદાનંદ સોસાયટીમાં રહેતો યુવાન ડિસેમ્બરના રોજ લંડનથી અમદાવાદ આવ્યો હતો. તેને હોમ આઇસોલેશનમાં રહેવા માટે કહેવાયું હતું. શનિવારે મનપાની ટીમ જ્યારે તેમના ઘરે પહોંચી ત્યારે તે ત્યાં હાજર ન હતો. ત્યારે મ્યુનિ. દ્વારા પોલીસને ૧૦૦ નંબર પર ફોન કરી જાણ કરી.

જોકે તે સમયે તેને ચેતવણી આપી હતી. સોમવારે પણ મનપા અધિકારી તેના ઘરે અચાનક તપાસ કરવા ગયા ત્યારે તે ઘરે હાજર ન હતો.

તેણે બહાનું બતાવ્યું કે, બાઇક બગડ્યું હોવાથી તે રિપેર કરાવવા ગયો હતો. જોકે મનપા દ્વારા અગાઉ ક્વોરન્ટાઇન નિયમોનો ભંગ કરનાર યુવાન સામે આ વખતે પોલીસને અરજી આપી તેના વિરૂદ્ધ કાયદેસરની કાર્યવાહી કરવા માટે રજૂઆત કરી હતી. પોલીસે મનપાની અરજી સ્વીકારી હતી. પણ એફઆઈઆર નોંધી નથી.

અત્રે ઉલ્લેખનીય છે કે હોમ ક્વોરન્ટીન પર નજર રાખવા માટે મનપા તંત્ર દ્વારા અનેક પદ્ધતિ અપનાવામાં આવી રહી છે. જેમાં મેડિકલ ઓફિસર ફોન દ્વારા સંપર્ક કરી ખાતરી કરે છે કે, કવોરન્ટાઇન થયેલી વ્યક્તિ તેના ઘરે જ છે ને? દિવસમાં ગમે ત્યારે મનપાની સંજીવની વાન પણ ક્વોરન્ટાઇન વ્યક્તિને ઘરે જઇ તપાસ કરે છે કે, તે ઘરે છે કે નહીં.

પાડોશીને પણ એ બાબતે પૂછવામાં આવે છે. આ સિવાય પોલીસને પણ જાણ કરી છે કે, તેમના વિસ્તારમાં ચોક્કસ વ્યક્તિઓને ક્વોરન્ટીન કરાયા છે તેઓ ઘરની બહાર ન નીકળે તે માટે યોગ્ય ચકાસણી કરવી. ■

# વાઈબ્રન્ટ ગુજરાત ગ્લોબલ સમિટઃ આજથી બે દિવસ મુખ્ય પ્રધાન દુબઈની મુલાકાતે

(અમારા પ્રતિનિધિ તરફથી)

ગાંધીનગરઃ દેશના સૌથી વધુ બિઝનેસ ફ્રેન્ડલી રાજ્ય ગુજરાતમાં જાન્યુઆરી ૨૦૨૨માં યોજાનારી વાઈબ્રન્ટ ગ્લોબલ સમિટ સંદર્ભમાં દુબઈમાં આજે આઠ ડિસેમ્બરે બુધવારે રોડ-શોનું આયોજન કરવામાં આવ્યું છે. મુખ્ય પ્રધાન ભૂપેન્દ્ર પટેલના નેતૃત્વમાં ઉદ્યોગ રાજ્ય પ્રધાન જગદીશ વિશ્વકર્મા અને ઉચ્ચસ્તરીય પ્રતિનિધિમંડળ હેતુસર દુબઇ મુલાકાતે જવાના છે.

આ દુબઇ મુલાકાત દરમ્યાન દુબઇમાં ઉદ્યોગ સાહસિકો સાથે વન-ટુ-વન મુલાકાત બેઠક થશે તેમ જ હાલ દુબઈમાં ચાલી રહેલા એક્સપોમાં ઇન્ડિયા પેવેલિયનની મુલાકાત પણ લેવામાં આવશે. દુબઈમાં ટીમ ગુજરાત ઉદ્યોગકારો સાથે વન-ટુ-વન બેઠકો યોજીને ગુજરાતમાં મૂડીરોકાણ કરવા અંગે વાતચીત કરશે. એટલું જ નહિ, ઉદ્યોગકારો સમક્ષ ગુજરાતમાં વિવિધ ક્ષેત્રે ઉપલબ્ધ રોકાણની તકો વિશે પ્રેઝન્ટેશન પણ કરવામાં આવશે.

ગુજરાતનું પ્રતિનિધિમંડળ દુબઈમાં ઊર્જા, એન્જિનિયરિંગ, હૉસ્પિટાલિટી, આરોગ્ય, લોજિસ્ટિક્સ, ફિનટેક (ફાયનાન્સિયલ ટેકનોલોજી) તથા સેવાઓના ક્ષેત્રોમાં ગુજરાતમાં ઉપલબ્ધ મૂડીરોકાણની સંભાવનાઓ અંગે બિઝનેસ અગ્રણીઓ સાથે વાતચીત કરશે. દરમિયાન મંગળવારે બેંગલોર ખાતે રોડ શો યોજી શિક્ષણ પ્રધાન જીતુભાઈ વાઘાણીએ કર્ણાટકના ઉદ્યોગપતિઓને ગુજરાતમાં રોકાણ કરવા અનુરોધ કર્યો હતો. ■



**ઘાયલઃ** રામાયણમાં રાવણે જે રીતે જટાયુની પાંખો કાપી હતી તેમ કળિયુગમાં ક્યારેક પતંગનો દોર તલવાર બની પક્ષીઓની પાંખ કાપે છે. અમદાવાદમાં એક ઘુવડ પતંગની દોરીમાં ફસાતા તેની પાંખ કપાઈ હતી. પક્ષીપ્રેમીઓએ તેમને સારવાર આપી હતી. (જનક પટેલ)

# નડિયાદમાં કોરોનાગ્રસ્ત દર્દી હોમ ક્વૉરન્ટાઈનમાંથી ગાયબ

(અમારા પ્રતિનિધિ તરફથી)

અમદાવાદઃ નડિયાદ શહેરના ચોકસીપોળમાં રહેતા કોરોના ગ્રસ્ત દર્દી હોમ ક્વૉરન્ટાઈન ન થતાં ગાયબ થઈ ગયા હતા. હોમ ક્વૉરન્ટાઇન દર્દી પરિવાર સાથે ઘરેથી નીકળી જતા તંત્ર દોડતું થઇ ગયું હતું.

સૂત્રોના જણાવ્યા મુજબ શહેરના સાંથ બજારની ચોકસીપોળમાં ૬૫ વર્ષીય વૃદ્ધ ૨૨મી ડિસેમ્બરે અમેરિકાથી આવ્યા હતા. ત્રીજી ડિસેમ્બરના રોજ તેઓને શરદી, તાવનાં લક્ષણો જણાતા ખાનગી લેબોરેટરીમાં ટેસ્ટ કરાવતા રિપોર્ટ કોરોના પોઝિટિવ આવ્યો હતો. ૬૫ વર્ષીય વૃદ્ધ તેમના પરિવાર સાથે રાત્રીના સમયે ઘરે થી ગાયબ થઇ ગયા હતા. આરોગ્ય વિભાગની ટીમને આ બાબતે જાણ થતા પોલીસ સાથે તેઓ દર્દીના ઘરે પહોંચ્યા હતા, પરંતુ ઘરે તાળું જોવા મળ્યું હતું. પાડોશીથી પૂછપરછ કરતા તેમણે જણાવ્યું હતું કે ૬૫ વર્ષીય વૃદ્ધના પરિવારમાં ચાર સભ્યો છે, જે તમામ અમેરિકાથી અહીં આવ્યા ત્યાર બાદથી અંબાજી, દ્વારકા શ્રીનાથજી ફરવા જતા હતા. તો કોઇ કહે છે કે આણંદ ગયા છે. વળી થોડે દૂર રહેતા તેમના ભાઈએ તંત્રને જણાવ્યું હતું કે તેમનો આર.ટી.પી.સી.આર. બીજા દિવસે નેગેટિવ આવતા તેઓ અમેરિકા પરત જતા રહ્યા છે. હાલ તો ઘરની બહાર પોલીસ બંદોબસ્ત મૂકવામાં આવ્યો છે. ■

# ગુજરાત સરકાર ગિફ્ટસિટીમાંથી દારૂબંધી ઉઠાવે તેવી શક્યતા

(અમારા પ્રતિનિધિ તરફથી)

અમદાવાદઃ ગુજરાતમાંથી દારૂબંધી ઉઠાવી લેવામાં આવે તેવી માગ વારંવાર થઈ રહી છે ત્યારે આખા ગુજરાતમાંથી તો નહીં, પરંતુ ગુજરાત ઈન્ટરનેશનલ ફાયનાન્સ ટેક-સિટી (ગિફ્ટ) સિટી જે ગાંધીનગર ખાતે બનેલું છે, તેમાં દારૂબંધી ઉઠાવી લેવામાં આવે તેવી પૂરી શક્યતા છે. અહીં દેશ-વિદેશથી કંપનીઓ આવે અને નવી પ્રતિભાઓ પણ આવે તે માટે ઈવનિંગ સોશિયલ લાઈફનો માહોલ તૈયાર થઈ શકે. દેશના અન્ય ફાયનાન્સિયલ અને ટેકનો હબમાં આ છૂટછાટ છે ત્યારે ગુજરાતમાં પણ હોવી જોઈએ તેમ માનવામાં આવે છે.

ગિફ્ટસિટી દેશનું પહેલું ગ્લોબલ ફાયનાન્સ સર્વિસ સેન્ટર ગાંધીનગરમાં બની રહ્યું છે.

એક અખબારી અહેવાલ અનુસાર ગિફ્ટસિટીના સંચાલકોએ એક્સાઈઝ ડિપાર્ટમેન્ટને પત્ર લખી દારૂબંધી હટાવવાની માગણી કરી છે, જેમાં આઈપીસીના સેક્શન ૧૩૯ (૧) (સી), ૧૪૬ (બી) અને ૧૪૭ હેઠળ છૂટછાટ આપવાની માગણી કરવામાં આવી છે.

હાલમાં રાજ્યમાં પર્યટકો અને બિઝનેસ માટે આવતા અન્ય રાજ્યના લોકોને પરમિટ આપવામાં આવે છે.

સ્પેશિયલ ઈકોનોમિક ઝોનમાં રહેવાસીઓને લીકર લેવા છૂટ આપવામાં આવી છે.

ગુજરાતમાં ૧૯૬૦થી દારૂબંધી લાગુ પાડવામાં આવી છે. રાજકીય અને ધંધાદારી લોકો સહિત આજના સમયમાં દારૂબંધી અંગે ઘણા વિરોધાભાસી અભિપ્રાયો જોવા મળે છે. ગાંધીવાદી લોકો અને મહિલા સંગઠનો દારૂબંધીની હિમાયત કરે છે.

થોડા સમય પહેલા કેન્દ્રીય નાણાં પ્રધાન નિર્મલા સિતારામન અને મુખ્ય પ્રધાન ભૂપેન્દ્ર પટેલ વચ્ચે થયેલી ચર્ચા સમયે પણ આ વિષય મુદ્દો બન્યો હોવાનું જાણવા મળ્યું છે. નવી પ્રતિભાઓ અને બિઝનેસ ક્લાસના લોકો ડ્રાય સ્ટેટ તરીકે ઓળખાતા ગુજરાતમાં આવવા નથી માગતા તેવો એક મત પ્રવર્તે છે.

રાઈટ ટૂ ડ્રિંક્સની માગ કરતી લગભગ અડધો ડઝન જેટલી જનહિત અરજીઓ ગુજરાત હાઈ કોર્ટમાં ફાઈલ થઈ છે અને હોઈ કોર્ટે આની નોંધ લીધી છે. જાન્યુઆરી, ૨૦૨૨ના યોજાનારી વાઈબ્રન્ટ ગુજરાત સમિટમાં પણ લીકરની છૂટ આપવી કે નહીં તે અંગે મુખ્ય પ્રધાન કચેરીમાં ચર્ચાઓ ચાલી રહી હોવાનું સૂત્રો દ્વારા જાણવા મળ્યું હતું.

આ સાથે ગિફ્ટ સિટી માટે રોડમેપ તૈયાર કરવામાં આવી રહ્યો છે અને આ માટે માળખાકીય સુવિધા, રિવરફ્રન્ટને ગાંધીનગર સુધી લંબાવવાનો મુદ્દો પણ ચર્ચાઈ રહ્યો હોવાનું સૂત્રોએ જણાવ્યું હતું. ■

# વિપક્ષ નેતા અને ઉપનેતા સ્માર્ટ સિટીની મીટિંગમાં ઘૂસી જતાં ભાજપની પોલ ખુલી હોવાનો કૉંગ્રેસનો દાવો

(અમારા પ્રતિનિધિ તરફથી)

અમદાવાદઃ વડોદરા શહેરને સ્માર્ટ સિટીમાં સમાવેશ કર્યાને ચાર વર્ષ થઈ ગયા છે. ચાર વર્ષ શહેરરીજનો સ્માર્ટ સીટીનું સપનું સાકાર થવાની કાગડોળે રાહ જોઈ રહ્યા છે. પરંતુ શહેરમાં પ્રાથમિક સુવિધા જેવી કે પીવાનું શુદ્ધ પાણી, ગટર અને રોડ-રસ્તાના ઠેકાણા નથી.

દરમિયાન મંગળવારે વડોદરા શહેરની મુલાકાતે કેન્દ્રના સ્માર્ટ સિટી પ્રોજેક્ટના અધિકારી રાહુલ કપૂર ટીમ સાથે આવ્યા હતા. સ્માર્ટસિટીના નામે ચાલતા ભ્રષ્ટાચારની હકીકતથી અધિકારીને વાકેફ કરવા કોંગ્રેસે મુલાકાતનો સમય માંગ્યો હતો. આ અંગે વિપક્ષના નેતા અમી રાવતે જણાવ્યું હતું કે પાલિકામાં સ્માર્ટ સિટીના અધિકારી એસ. કે. પટેલ ( ડે. કમિશનર )નો સવારથી સંપર્ક કરી રહ્યા હતા, પરંતુ અમને એપોઇન્ટમેન્ટ મળી ન હતી. છેવટે મારે મારા સાથી કાઉન્સિલર ઉપનેતા બાળુ સુર્વે સાથે સ્માર્ટસિટીની મિટિંગમાં અધિકારી રાહુલ કપૂરને રજૂઆત કરવાની ફરજ પડી હતી. અમે સ્માર્ટ સિટી અંતર્ગત ચાલતા ભ્રષ્ટાચાર અને કાગળ અને વાસ્તવિકતા વચ્ચેના ભેદના પુરાવા સ્વરૂપે દસ્તાવેજો અધિકારીને સુપ્રત કર્યા હતા. અમારી માંગ છે કે સ્માર્ટ સિટીમાં ચાલતાં ભ્રષ્ટાચાર સામે કાર્યવાહી થવી જોઈએ. સ્માર્ટ સિટી અંતર્ગત ફક્ત ત્રણ પ્રોજેક્ટ એરિયા બેઝડ ડેવલોપમેન્ટ તરીકે થયા છે. બાકીના તમામ પ્રોજેક્ટ નિષ્ફળ રહ્યા છે. પીપીપી ધોરણે મુકાયેલા ૧૧ પ્રોજેક્ટ એરિયા બેઝડ ડેવલોપમેન્ટના વિસ્તારની બહારના છે. ઇ-વ્હિકલ, ઇ-રીક્ષા અને બાયસિકલ શેરિંગ નિષ્ફળ છે. ■

# કડીમાં કાર નર્મદા કેનાલમાં ખાબકતાં બેનાં મોતઃ કારમાંથી ૮૯ હજારનો વિદેશી દારૂ મળ્યો

(અમારા પ્રતિનિધિ તરફથી)

મહેસાણાઃ જિલ્લાના કડી તાલુકાના કલ્યાણપુરા ગામ તરફ જતી કાર નર્મદા કેનાલમાં ખાબકતાં બે લોકોના મોત નિપજ્યા હતાં. કારમાંથી રૂ. ૮૯,૨૦૦નો વિદેશી દારૂ મળી આવ્યો હતો.

સૂત્રોના જણાવ્યા મુજબ મહેસાણા જિલ્લાના કડી તાલુકાના અગોલ નજીક આવેલા એક ફાર્મ પાસેથી કાર પસાર થઇ રહી હતી ત્યારે કાર પલટી ખાઇ નરસિંહપુરા બ્રાન્ચ કેનાલમાં ખાબકી હતી. આ ઘટનાની જાણ થતાં પીએસઆઇ સ્ટાફ સાથે પહોંચી ડ્રાઈવરની લાશ બહાર કાઢી પોસ્ટમોર્ટમ માટે કલ્યાણપુરા હૉસ્પિટલમાં ખસેડી હતી, જ્યારે સોમવારે સવારે પોલીસે કારને બહાર કાઢી તપાસ કરતાં અંદરથી કેનાલમાંથી બીજી લાશ સાથે રૂ. ૮૯,૨૦૦નો દારૂ મળી આવ્યો હતો. પોલીસે મૃતકોની ઓળખ કરતાં રાજસ્થાનના ઝાલોર તાલુકાનો બિસ્નોઈ સુનિલ મોહનલાલ અને બાડમેરના બાલાસર ગુડામાલાણીનો બિસ્નોઈ સતીશ રાજુભાઈ હોવાનું ખૂલ્યું હતું. ■

# અમદાવાદમાં કાયદો ને વ્યવસ્થા કથળ્યાઃ શહેરમાં ગેંગવોર અને જાહેરમાં હત્યાના બનાવો

અમદાવાદઃ શહેરના અમરાઈવાડી વિસ્તારમાં ગુંડા તત્ત્વો બેફામ બન્યા છે. શહેરના અમરાઈવાડી વિસ્તારમાં એક જ દિવસોમાં બે બનાવો બનતા ગેંગવોર જેવી પરિસ્થિતિ સર્જાઈ હતી. આ ઘટનામાં પોલીસે ફરીયાદ નોંધી આરોપીને પકડવા પ્રયાસ કરી રહી હોવાનો દાવો કર્યો હતો. બન્ને ઘટના સીસીટીવીમાં કેદ થઈ હતી. પોલીસે ગુનો નોંધી તપાસ શરૂ કરી હતી.

સૂત્રોના જણાવ્યા મુજબ અમદાવાદના અમરાઈવાડી વિસ્તારમાં પોલીસનો કોઈ ડર રહ્યો ના હોય તેવી રીતે એક જ દિવસમાં બે લોહિયાળ ખેલ ખેલાયો હતો. અમરાઈવાડી જોગેશ્વરી રોડ પાસે અર્જુન મુદલિયા નામના યુવક પર સત્યા ગેંગના સત્યા ઉર્ફે સતીશ ઉપાધ્યાય મનોજ ઉપાધ્યાય, નાયડુ આકાશ, ગોલું અને ડીમ્પી નામના આરોપીઓએ ભેગા મળી લાકડીના ફટકા મારી જીવલેણ હુમલો કર્યો હતો. ગેંગ વચ્ચે ચાલતી અંગત અદાવતમાં હુમલો કર્યો હોવાનું સામે આવ્યું હતું. ગેંગવોરની બીજી ઘટના હાટકેશ્વર સર્કલ પાસે યુવક પર એક કિશોરે હુમલો કર્યો હતો અને ચપ્પા ના ઘા ઝીંકી મોતને ઘાટ ઉતારી દીધો હતો. પોલીસે તપાસ કરતા હત્યા કરવા પાછળનું કારણ મૃતકના ઘરે આરોપી ગેસ સિલિન્ડર ફ્રીમાં માંગવા આવ્યો હતો જે ના આપતા આરોપીએ મૃતકને હાટકેશ્વર સર્કલ બોલાવી છરી વડે હત્યા કરી ફરાર થઈ ગયો. ■

# રાજ્યના ૧૨૯૧૦ ગામોમાં ૧૦૦ ટકા નળ જોડાણ પૂરાં થયાનો સરકારનો દાવો

ગાંધીનગરઃ હર ઘર જલ યોજના હેઠળની કામગીરીની મુખ્ય પ્રધાન ભૂપેન્દ્ર પટેલે સમીક્ષા કરી હતી અને યોજના અન્વયે જે ઘર જોડાણો બાકી છે તેને આગામી સપ્ટેમ્બર-૨૦૨૨ સુધીમાં આવરી લેવાના દિશાનિર્દેશો આપ્યા છે. રાજ્ય સરકાર દ્વારા કરવામાં આવેલા દાવા અનુસાર ૬ જિલ્લાઓ, ૬૮ તાલુકાઓ અને ૧૨૯૧૦ ગામોમાં ૧૦૦ ટકા નળ જોડાણના કામો પૂર્ણ થઇ ગયા છે. ગ્રામીણ ઘરોમાં ૮૮.૬૩ ટકા નળ જોડાણ આપેલા છે. તેમણે રાજ્યમાં દરેક વ્યક્તિને રોજનું ૧૦૦ લીટર પાણી મળી રહે તેવા કાર્યઆયોજન માટે પણ પાણી પુરવઠા વિભાગને સૂચવ્યું હતું. રાજ્યમાં ગયા વર્ષે ૧૦.૯૪ લાખ ઘરોમાં નળ જોડાણ અપાયા છે તેમ જ આ વર્ષે ૧૦ લાખના લક્ષ્યાંક સામે ૬.૩૮ લાખ ઘરોમાં નળ જોડાણ કામગીરી પૂર્ણ થઇ હોવાનું અખબારી યાદીમાં જણાવ્યું હતું. ■